આવતીકાલે કેન્દ્રિય કેબિનેટનું વિસ્તરણ

યુવાનોને તક આપવા વિદેશ મંત્રી ક્રિષ્નાનું રાજીનામું

નવી દિલ્હી, તા. ૨૬

કેબિનેટ વિસ્તરણની અટકળો વચ્ચે એસ.એમ. ક્રિષ્ના એ વિદેશ મંત્રી પદથી આજે રાજીનામું આપી દીધું હતું. વડાપ્રધાન ડો. મનમોહનસિંઘને કેબિનેટની સંભવિત વિસ્તરણ પૂર્વે રાજીનામું મોકલાવતાં ક્રિષ્નાએ યુવાનોને તક આપવાનું સૂચન કર્યું હતું. ક્રિષ્નાએ રાજીનામું મોકલાવ્યા પછી પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે હું હવે યુવાનોને તક આપવા ઇચ્છું છું. પક્ષનો હું સંનિષ્ઠ કાર્યકર છું. કોઈપણ શરત વગર પણ મારે કામ કરવા તૈયાર છું. હવે ક્રિષ્નાને કોંગ્રેસ પક્ષ દ્વારા કર્ણાટક એકમમાં મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવશે. વડાપ્રધાન ડો. મનમોહનસિંઘ અને યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધી વચ્ચે યોજાયેલી બેઠક દરમ્યાન જ ક્રિષ્નાએ રાજીનામું આપવાનો નિર્ણય જાહેર કર્યો હતો. કેબિનેટ વિસ્તરણમાં વડાપ્રધાન ડો. મનમોહનસિંઘ સ્વતંત્ર અને મુક્ત રીતે નિર્ણય લઈ શકે તે માટે રાજીનામું આપ્યાનું ક્રિષ્નાએ કહ્યું હતું. સ્પેનના રાજા જુઆન કાર્લોસ હાલ ભારતની સત્તાવાર યાત્રાએ છે. વિદેશ મંત્રાલયના વિદેશી પ્રતિનિધિમંડળની મુલાકાત દરમ્યાન મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. આવા મહત્વપૂર્ણ સમયે જ વિદેશ મંત્રી પદેથી ક્રિષ્નાએ રાજીનામું આપી દેતાં સરકારમાં ઘણાં લોકો રોષે ભરાયાં છે. સૂત્રોના જણાવ્યા મુજબ ક્રિષ્ના અવારનવાર વિવાદમાં આવેલા છે. જેથી તેમને રવિવારના સંભવિત વિસ્તરણમાં પડતા મુકવાની શક્યતા હોવાથી તેમણે મંત્રીપદેથી રાજીનામું આપ્યું છે. તેઓનું નામ કર્ણાટક લોકાયુક્તના અહેવાલમાં પણ ઉછળ્યું હતું. આ ઉપરાંત લંડનમાં યોજાયેલ વિમ્બલડન મેચ પણ ઈંગ્લેન્ડની મુલાકાત દરમિયાન જોવા ઉપડી જતાં વિવાદ થયો હતો.

હિમાચલ ઇલેક્શન વોચનો ધડાકો

હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ૧૪૬ કરોડપતિ ઉમેદવાર મેદાનમાં

શિમલા,તા.૨૬

મતદારોમાં જાગૃતિ જગાવનાર સંસ્થા હિમાચલ પ્રદેશ ઇલેક્શન વોચના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ૧૪૬ કરોડપતિ ઉમેદવાર મેદાનમાં છે. રિપોર્ટમાં જણાવાયું છે કે આ વર્ષે ચૂંટણીમાં ભાગ લઈ રહેલા ૫૪ ધારાસભ્યની સંપત્તિમાં વર્ષ ૨૦૦૭ની સરખામણીમાં ૧૭૨ ટકાનો સરેરાશ વધારો નોંધાયો છે. આ યાદીમાં પ્રથમ સ્થાન પર પાલનપુરથી કોંગ્રેસના ધારાસભ્ય બ્રિજ બિહારીલાલ બુતૈલ છે. તેમની સંપત્તિ ૧૬૯ કરોડની આસપાસની છે. ત્યારબાદ ૪૧ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે ચોપાલમાંથી અપક્ષ ઉમેદવાર બલબીરસિંહ વર્મા બીજા સ્થાન પર અને ૩૬ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે દુન વિધાનસભાની કોંગ્રેસના ઉમેદવાર રામગોપાલ ત્રીજા સ્થાન ઉપર છે. વર્ષ ૨૦૦૭થી હજુ સુધી મંડીમાંથી કોંગ્રેસના ધારાસભ્ય અનિલ કુમારની સંપત્તિ ૩.૧૧ કરોડ રૂપિયાથી વધીને ૨૯.૭૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ અવધીમાં નગરોટાના કોંગ્રેસના ધારાસભ્ય જી એસ બાલીની સંપત્તિ ૩.૮૧ કરોડ રૂપિયાથી વધીને ૨૪.૪૧ કરોડ રૂપિયા થઈ ગઈ છે. હિમાચલ પ્રદેશમાં ૬૮ સભ્યોની વિધાનસભા માટે ચોથી નવેમ્બરના દિવસે મતદાન યોજાનાર છે.

હરભજનને બદલે અશ્વિને એ ગ્રેડમાં મુકવા નિર્ણય કરાયો

નવી દિલ્હી,તા.૨૬

ભારતીય ક્રિકેટ કંન્ટ્રોલ બોર્ડે આજે ક્રિકેટરોની સાથે પોતાના વાર્ષિક કોન્ટ્રાક્ટની જાહેરાત કરી હતી. જેના ભાગરૂપે હરભજનસિંહને મોટો ફટકો પડ્યો છે. હરભજનસિંહને એ ગ્રેડમાંથી બહાર કાઢી લઈને બી ગ્રેડમાં મુકી દેવામાં આવ્યો છે. જ્યારે છેલ્લા ઘણા સમયથી સતત સારા ફોર્મમાં રહેલા આર અશ્વિનને પ્રમોશન આપીને એ ગ્રેડમાં સામેલ કરવામાં આવ્યો છે. બીસીસીઆઈના નવા કોન્ટ્રાક્ટની યાદીમાં એ ગ્રેડમાં નવ ખેલાડી રાખવામાં આવ્યા છે જ્યારે બી ગ્રેડમાં આઠ ખેલાડી અને સી ગ્રેડમાં વીસ ખેલાડી સામેલ કરવામાં આવ્યા છે. ગ્રેડ મુજબ જ ખેલાડીઓને નાણાંની ચૂકવણી કરવામાં આવશે. એ ગ્રડમાં રહેલા ખેલાડીઓને એક કરોડ રૂપિયા અપાશે. જ્યારે બી ગ્રેડમાં રહેલા ખેલાડીઓને ૫૦ લાખ રૂપિયા અને સી ગ્રેડમાં રહેલા ખેલાડીઓને ૨૫ લાખ રૂપિયાની ચૂકવણી કરવામાં આવશે. એ ગ્રેડમાં જે ખેલાડીઓને સામેલ કરવામાં આવ્યા છે જેમાં સચિન સહિતના ટોચના સ્ટાર ખેલાડીઓનો સમાવેશ થાય છે. ગ્રેડમાં હરભજનને બી ગ્રેડમાં મુકાતા તેની સામે ઘણાને આશ્ચર્ય પણ થયુ છે. ક્રિકેટ સાથે સંકળાયેલા નિષ્ણાંતોનું કહેવું છે કે હજુ હરભજનને ગ્રેડ એમાં રાખવાની જરૂર હતી. હરભજનસિંહ અને ઇશાંત શર્મા આ વર્ષે મોટાભાગે ફોર્મમાં રહ્યા નથી. બીજીબાજુ ગયા વર્ષે નવેમ્બરમાં ટેસ્ટ પ્રવેશ કર્યા બાદથી ૨૬ વર્ષીય અશ્વિન આઠ ટેસ્ટ મેચ રમી ચુક્યો છે અને ૪૯ વિકેટ ઝડપી છે. ન્યૂઝીલેન્ડ સામેની હાલમાં પૂરી થયેલી બે ટેસ્ટ મેચોની શ્રેણીમાં અશ્વિને ૧૮ વિકેટ ઝડપી હતી આવી જ રીતે વનડેમાં અશ્વિને ૪૦ મેચોમાં ૫૬ વિકેટો લીધી છે. ચેન્નઈના આ બોલરે તેની ૧૫ ટ્વેન્ટી-૨૦ મેચોમાં ૧૨ વિકેટ લીધી છે. ગઈ સિઝનમાં ગ્રેડ એના વધારે ખેલાડીઓ હતા તેમાં આ વખતે ત્રણ ખેલાડી ઘટી ગયા છે. બીસીસીઆઈ દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં આ મુજબની વાત કરવામાં આવી છે. રાહુલ દ્રવિડ અને વીવીએસ લક્ષ્મણ નિવૃત્ત થઈ ચુક્યા છે. વિરાટ કોહલી, સુરેશ રૈના, યુવરાજસિંહ ટોચની યાદીમાં રહ્યા છે. એકંદરે બીસીસીઆઈએ ૩૭ ખેલાડીઓને કોન્ટ્રાક્ટની ઓફર કરી છે. ગયા વર્ષે પણ આટલા જ ખેલાડીઓ હતા. ગ્રેડ બીમાં બીસીસીઆઈ દ્વારા આઠ ખેલાડીઓને ઓફર કરવામાં આવી છે. ગ્રેડ બીમાં આવખતે ગઈ સિઝન કરતા ત્રણ વધુ ખેલાડી છે જેમાં એક માત્ર રોહિત શર્મા જ કોન્ટ્રાક્ટ જાળવી રાખવામાં સફળ થયો છે. ગ્રેડ સીમાં રવિન્દ્ર જાડેજા સામેલ છે. તેની સાથે અન્ય જે ખેલાડીઓ છે તેમાં વિનય કુમાર, મુનાફ પટેલનો સમાવેશ થાય છે. બાલાજી પણ આ જ ગ્રેડમાં સામેલ છે.

ભારત-ચીન સરહદ પર યુદ્ધ જેવી પરિસ્થિતિ નથી : શિંદે

નવી દિલ્હી,તા.૨૬

ચીન તરફથી ઘૂસણખોરીના કોઈ પણ પ્રયાસના અહેવાલને રદિયો આપવા કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલ કુમાર શિંદેએ આજે કહ્યુ હતુ કે ભારત અને ચીન સરહદ ઉપર યુદ્ધ જેવી કોઈ સ્થિતિ નથી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા શિંદેએ કહ્યુ હતુ કે યુદ્ધ જેવી કોઈ પણ સ્થિતિ નથી. ચીન સાથે જોડાયેલી સરહદ પર ઘૂસણખોરી જેવી કોઈ પણ બાબત નથી. પાકિસ્તાન તરફથી ઘૂસણખોરીના કેસ ચોક્કસપણે નોંધાયા છે પરંતુ ભારતીય સેના સંપૂર્ણપણે સાવધાન છે. ભારત-તીબેટ સરહદ પોલીસના ૫૧માં સ્થાપના દિવસના પ્રસંગે ગ્રૃહપ્રધાન સુશીલ કુમાર શિંદેએ કહ્યુ હતુ કે તેઓ પરિસ્થિતિ પર જિણવટ ભરી નજર કરી ચુક્યા છે. ઘૂસણખોરો સરહદની નજીક આવે છે પરંતુ પાછા જતા રહે છે. ભારતીય જવાનો બિલકુલ સાવધાન છે. ભારત-બાંગ્લાદેશ સરહદ અંગે પૂછવામાં આવતા શિંદેએ કહ્યુ હતુ કે તેઓ બાંગ્લાદેશ સાથેની સરહદ પર પણ ગયા હતા ત્યાંની સ્થિતિ પર નજર કરી ચુક્યા છે. હાલમાં સ્થિતિ ખુબ સારી છે. મુંબઈ હુમલાના આંતકવાદી અજમલ કસાબને સુરક્ષા ઉપલબ્ધ કરાવી રહેલી મહારાષ્ટ્ર સરકાર પર રકમ બાકી હોવાના પ્રશ્નના જવાબમાં શિંદેએ કહ્યુ હતુ કે આ તમામ વહીવટી મામલાઓ છે. જ્યાં સુધી રેકોર્ડ જોવામાં આવશે નહીં ત્યાં સુધી કોઈ પણ ટિપ્પણી કરવી યોગ્ય નથી. ગૃહમંત્રાલય દ્વારા કસાબની દયાની અરજી ફગાવી દેવામાં આવી છે. હવે કસાબ સાથે સંબંધિત ફાઈલ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પાસે મોકલી દેવામાં આવી છે.

જમીન સોદાબાજી કેસમાં વાઢેરાને અંતે ક્લિન ચીટ

ચંદીગઢ,તા. ૨૬

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઇ રોબર્ટ વાઢેરાને અંતે મોટી રાહત થઇ ગઇ છે. જમીન સોદાબાજી કેસમાં વાઢેરાને મોટી રાહત થઇ છે. ગુડગાવ, ફરિદાબાદ, પલવાલ અને મેવાતના ડેપ્યુટી કમીશનર દ્વારા કરવામાં આવેલી તપાસમાં ઘડાકો કરવામાં આવ્યો છે કે જમીન સોદાબાજીમાં કોઇ ખોટુ કામ થયું નથી. તેમની બદલી થઇ ગયા બાદ આઇએએસ અધિકારી અશોક ખેમકાએ વાઢેરા અથવા તો તેમની કંપની તરફથી વર્ષ ૨૦૦૫થી નોંધવામાં આવેલા દસ્તાવેજોમાં ચકાસણી કરવા માટે ડેપ્યુટી કમીશનરને સાફ સુચના આપી હતી. પલવાલ ડેપ્યુટી કમીશનર વિજય સિંહ દહિયાએ કહ્યું છે કે કોઇ પણ લેવડદેવડ ગેરકાયદે અથવા તો ખોટી રીતે થઇ નથી. તાજેતરમાં રાજકારણમાં એન્ટ્રી કરનાર અરવિન્દ કેજરીવાલે કહ્યું હતું કે વાઢેરા અને ડીએલએફ કંપની વચ્ચેની થયેલી સોદાબાજીમાં ભારે અનિયમितતા છે. આ આક્ષેપ બાદ દેશભરમાં ભારે હોબાળો થઇ ગો હતો.

અત્રે ઉલ્લેખનિય છે કે વાઢેરા સાથે જોડાયેલા મામલાને સપાટી પર લાવીને ખળભળાટ મચાવનાર વરિષ્ઠ આઈએએસ અધિકારી અશોક ખેમકાએ જિલ્લાઓના ડીસીને તપાસ કરવા માટે કહ્યુ હતુ. ૨૦૦૫ બાદથી જ વાઢેરા અને તેમની કંપની સાથે જોડાયેલી જમીન સૌદાબાજીમાં તપાસ કરવાના હુકમ કરવામાં આવ્યા છે. આ આદેશ પોતાના ટ્રાન્સફરથી પહેલા જારી કર્યા હતા. ખેમકાની બદલીના આદેશ કરવામાં આવ્યા બાદ આ મામલો વધુ ગરમ બની ગયો હતો અને રાજકીય રંગ પકડી લીધો હતો. વાઢેરાનો મામલો આવતા કોંગ્રેસ અને ભાજપ વચ્ચે આક્ષેપોનો મામલો શરૂ થઈ ગયો હતો.

શેરબજારમાં કારોબારને અંતે ૧૩૩ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી,તા.૨૬

શેરબજારમાં આજે મંદી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સમાં ૧૩૩ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો જેથી સેન્સેક્સ ઘટીને ૧૮૬૨પની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૧ પોઈન્ટ ઘટીને ૫૬૬૪ની સપાટીએ રહ્યો હતો. એશિયન શેરબજારમાં પણ કડાકો બોલી ગયો હતો. આજે કારોબારના અંતે નિક્કીમાં ૧.૪ ટકાનો સંઘાઈમાં ૧.૭ટકાનો, હેંગસેંગમાં ૧.૨ ટકાનો અને કોસ્પીમાં ૧.૭ ટકાનો ઘટાડો નોંદાયો હતો. યુરોપિયન શેરબજારમાં પણ મંદી સાથે શરૂઆત થઈ હતી. ઘર આંગણે સેક્ટરલ ઇન્ડેક્ષની વાત કરવામાં આવે તો બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ, એફએમસીજી, હેલ્થકેર, પીએસયુ, પાવર અને બેંકેક્સમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો. આ તમામમાં એકથી ત્રણ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો જો કે ઓટો ઇન્ડેક્ષમાં ૦.૮ ટકાનો સુધારો રહ્યો હતો.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ અને હિરો મોટર્સમાં ઉલ્લેખનિય સુધારો જોવા મળ્યો હતો. ઇન્ડેક્ષ હેવી વેટ રિલાયન્સમાં ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. એફએમસીજીની વાત કરવામાં આવે તો આઈટીમાં પ્રોફિટ બુકિંગની સ્થિતિ રહી હતી. પંજાબ નેશનલ બેંકના શેરમાં સાત ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્ષમાં આશરે એક ટકાનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં આજે કારોબાર દરમિયાન ૧૮૦૧ શેરમાં મંદી રહી હતી જ્યારે ૧૦૩૦ શેરમાં તેજી રહી હતી.

દરમિયાન અમેરિકી શેરબજારમાં પણ કડાકો બોલી ગયો હતો. ડાઉજોન્સ ઇન્ડસ્ટ્રીયલ એવરેજમાં ૨૬ પોઈન્ટનોસુધારોરહેતા તેની સપાટી ૧૩૧૦૪ નોંધાઈ હતી.

અરવિંદ કેજરીવાલે આજે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરીની સામે આવકવેરા વિભાગની તપાસ કાર્યવાહીને ફગાવી દીધી

નવી દિલ્હી,તા.૨૬

ઈન્ડિયા અગેઈન્સ્ટ કરપ્શન(આઈએસી)ના કાર્યકર અને સામાજિક કાર્યકરમાંથી રાજકારણી બનેલા અરવિંદ કેજરીવાલે આજે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરીની સામે આવકવેરા વિભાગની તપાસ કાર્યવાહીને ફગાવી દીધી હતી અને કહ્યુ હતુ કે આ એક માત્ર દેખાવો છે. આનાથી કાંઈ પણ ફાયદો થશે નહીં. બીજીબાજુ મિડિયા રિપોર્ટમાં ભાજપ પ્રમુખને લઈને નવા નવા ખુલાસાઓ થઈ રહ્યા છે. ગડકરીની કંપની પૂર્તી પાવર એન્ડ શુગર લિમિટેડ તથા તેની મૂડીરોકાણ કંપનીમાં નાણાંકીય ગેરરીતિનો ખુલાસો કરનાર કેજરીવાલે આજે સોશ્યલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર પર માહિતી આપતા જણાવ્યું હતુ કે કંપની મામલાના મંત્રાલય અને આવકવેરા વિભાગ દ્વારા ગડકરીના મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. આવકવેરા વિભાગ એક મહિનામાં રિપોર્ટ આપશે. આવકવેરા કાયદામાં આ પ્રકારની તપાસની કોઈ પણ જોગવાઈ નથી. દરમિયાન કેજરીવાલે તમામ વેપારી ગતીવિધિ અને કંપનીઓ અંગેની માહિતી આપવા ભાજપ

પ્રમુખ ગડકરી અને સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાને ખુલ્લો પડકાર ફેંક્યો હતો જેથી આ વિવાદ હજુ યથાવત રહેવાની શક્યતા છે. સરકાર લોકોને ગેરમાર્ગે દોરવાનું કામ કરી રહી છે. આઈટી એક્ટ હેઠળ દરોડા પાડી શકાય છે. કલમ ૧૩૨ અથવા તો સર્વે (કલમ ૧૩૩એ અથવા કલમ ૧૪૩) જેવી જોગવાઈનો ઉપયોગ કરી શકાય છે. કેજરીવાલ પોતે પણ આવકવેરા વિભાગના અધિકારી રહી ચુક્યા છે. તેમણે કહ્યુ છે કે આવકવેરા વિભાગની દરોડાની કામગીરીમાં કોઈ મોટી સફળતા મળશે તે પ્રશ્ન છે. દરોડાની કામગીરી ગુમરીતે થઈ રહી છે. સીબીઆઈ પણ આ જ રીતે કામ કરતી હતી. તમામ તપાસ માત્ર દેખાડા પૂરતી છે. આગળ જઈને સાબિત થશે કે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે કોઈ અંતર નથી. કેજરીવાલે આ પ્રતિક્રિયા એવા સમયે આપી છે જ્યારે આવકવેરા વિભાગ અને કંપની મામલાઓના મંત્રાલય દ્વારા ગડકરીની કંપની અને તેની સાથે જોડાયેલી ૨૬ અન્ય મૂડીરોકાણ કંપનીઓની સામે જુદીજુદી તપાસ હાથ ધરી છે.

ઈન્ડિયન મુઝાહિદ્દીનના આતંકવાદીની ધરપકડ

નવી દિલ્હી,તા.૨૬

હૈદરાબાદમાંથી ઈન્ડિયન મુઝાહિદ્દીનના એક શકમંદ આતંકવાદીની ધરપકડ કરી લેવામાં આવી છે. આ શંકાસ્પદ આતંકવાદી અંગે એમ કહેવામાં આવી રહ્યુ છે કે આ શખ્સ પૂણે બ્લાસ્ટમાં સામેલ છે. ઝડપાયેલા આંતકવાદીનું નામ મકબૂલ હોવાનુંજાણવા મળ્યુ છે. આ શંકાસ્પદને દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલે હૈદરાબાદમાંથી પકડી પાડ્યો છે. હવે તેને દિલ્હી લાવવામાં આવ્યો છે જ્યાં તેની વધુ પુછપરછ કરવામાં આવશે.

વર્તમાન પ્રવાહો (પાના નં. ૪ નું ચાલુ)

સંઘ અને ભાજપ બેઉ માટે ગડકરીનું આ કૌભાંડ શિરદર્દ બની રહેવાનું છે. તેમ છતાં, વિજયાદશમી નિમિત્તે નાગપુર ખાતે સંઘના શસ્ત્રપૂજનમાં હાજર રહેલા ગડકરીને ચેનકેન પ્રકારે બચાવી લેવા પડે એવી એક સમજણ સંઘ અને ભાજપના અગ્રણીઓ વચ્ચે પ્રવર્તી રહી હોવાનાં એંધાણ મળી રહ્યાં છે. પ્રોટોકોલની ભાષામાં સંઘનાં સર્વોચ્ચ વડાએ તો ટૂંકું ને ટચ નિવેદન કરી દીધું કે પક્ષ પ્રમુખ તરીકે ગડકરીને બીજી ટર્મ આપવી કે નહીં તે ભાજપનો આંતરિક પ્રશ્ન છે, અલબત્ત, ગડકરીએ એમની સામે કરવામાં આવેલા આક્ષેપો અંગે ખુલાસો કરવો જોઇએ, એવું પણ સંઘ તરફથી અપેક્ષિત છે જ. પરંતુ મનમોહન વૈદ્ય જેવા વરિષ્ઠ સંઘ-નેતા આખી બાબતને ગડકરીનો 'મીડિયા ટ્રાયલ' ગણાવે છે. ગડકરીનાં બચાવમાં ભાજપની નેતાગીરીએ પણ ઝૂકાવવું જ રહ્યું. અડવાણી અને જેટલીએ ગડકરીનો બચાવ કર્યો છે. જેઠમલાણી ભાજપના જ રાજ્યસભાના સભ્ય છે પરંતુ એમનો વિરોધ હાઇ કમાન્ડને યોગ્ય લાગ્યો નથી. કોંગ્રેસ એની સામે બુલંદ બની રહેલી ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશને ખાળવા અને પ્રજાનું ધ્યાન બીજી દિશામાં વાળવા માટે જ ગડકરીને નિશાન બનાવી રહી છે, એવી દલીલ આગળ ધરી ભાજપની રાષ્ટ્રીય નેતાગીરી ગડકરીની પડખે ઊભી રહેવાનો દેખાવ તો કરી રહી છે, પરંતુ સ્ટિંગ ઓપરેશનમાં નાણાં લેતાં ઝડપાઇ ગયેલા પૂર્વ ભાજપ પ્રમુખની કેવી દશા થયેલી તે સર્વવિદિત છે. જો ગડકરી વિરૂધ્ધ ઊંડી તપાસ થશે અને એમાં મીડિયાના આરોપ વજૂદવાળા સાબિત થશે તો ગડકરીના પણ એવા જ હાલહવાલ થશે. હાલ પૂરતી તો પક્ષની નેતાગીરી ૨૦૧૪ સુધી ગાડું ગબડાવવાનાં મૂડમાં જ લાગે છે. ગડકરીને આ મુદ્દે એકલા અટૂલા પાડી દેવામાં પણ જોખમ છે. કોંગ્રેસ સહિત તમામ વિરોધીઓને ચૂંટણી પ્રચારનો 'ગડકરી' નામનો મુદ્દો મળી જાય. એથી પક્ષનાં રાષ્ટ્રીય પ્રવક્તાએ આખી વાત આડે પાટે ચડાવતાં રોબર્ટ વાડરાની તપાસ કરવામાં હિચકિચાટ અનુભવતી કેન્દ્ર સરકાર કયે મોઢે ગડકરીની તપાસ કરવાનું કહી શકે, એવો સવાલ પણ કર્યો છે. છતાં કંપની બાબતોનાં કેન્દ્રીય મંત્રી વીરપ્પા મોઇલીએ તો ગડકરી સામેના આક્ષેપોની તપાસ કરાવાશે એવી જાહેરાત કરી જ દીધી છે. ગડકરી ખરા સમયે સંઘ અને ભાજપ માટે ગળાની ફાંસ બની રહ્યાં છે.

કેન્સરના બધા દર્દી માટે કસરત વન્ડર દવા સમાન

લંડન, તા. ૨૬

કેન્સરના દર્દીઓને આવરી લઈને તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને માહિતીરૂપ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કસરત કેન્સરના દર્દીઓ માટે વન્ડર ડ્રગ સમાન છે. કેન્સરના દર્દીઓને કસરત કરવાથી ખૂબ મોટો ફાયદો થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કેન્સરથી પીડાતા તમામ દર્દીઓને દર સપ્તાહમાં બેથી અઢી કલાક સુધી શારીરિક કસરત કરવી જોઈએ. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સારવાર લેવામાં આવ્યા બાદ સંપૂર્ણ આરામ અને નિયમિત પણે કસરત કરવાથી ફાયદો થાય છે. રિસર્ચમાં જાણવા મળ્યુંછે કે કસરતથી કેન્સરના કારણે મોત થવાના ખતરામાં ઘટાડો થઈ જાય છે અને સારવારની અસરને ઘટાડવામાં કસરત મદદરૂપ થાય છે. ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થે કહ્યું છે કે સ્થાનિક નવી પહેલથી પણ ફાયદો થાય છે. મેકમિલન કેન્સરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બ્રિટનમાં ૨ મિલિયનથી વધુ કેન્સરથી ગ્રસ્ત લોકો પૈકી ૧.૬ મિલિયન જેટલા લોકો શારીરિક રીતે સક્રિય રહેતા નથી. એડલ્ટ કેન્સરના દર્દીઓ અને કેન્સરથી બચી ગયેલા લોકોએ દર સપ્તાહમાં ૧૫૦ મિનિટ સુધી હળવી કસરત કરવી જોઈએ. રિપોર્ટમાં જણાવાયું છે કે સતત સક્રિય રહેવાથી ફાયદો મળે છે. અહેવાલમાં અમેરિકન કોલેજ ઓફ સ્પોર્ટ્સ મેડીસિને ભલામણ કરી છે કે કસરત ખૂબ જ સુરક્ષિત છે. મોટા પ્રકારના કેન્સરની સારવાર બાદ કસરત આદર્શરૂપ છે. કેન્સરથી બચી ગયેલા લોકોએ સક્રિય રહેવાની જરૂર છે. સતત સક્રિય રહેવાથી કેન્સરની અસરમાંથી બહાર નીકળવામાં મદદ મળે છે. પુરાવાની સમીક્ષા દર્શાવે છે કે શારીરિક કસરતથી સારવાર દરમિયાન ઠાકમાં વધારો થતો નથી. આના બદલામાં એનર્જીમાં વધારો થાય છે.

જીએસટીને અમલી બનાવવાની દિશામાં સરકાર ઝડપથી આગળ

નવી દિલ્હી, તા. ૨૬

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ને અમલી બનાવવાની દિશામાં સરકાર ઝડપથી આગળ વધી રહી છે. જીએસટીના પ્રશ્ન કેન્દ્ર અને રાજ્ય સર્વ સંમતિની નજીક પહોંચી ગયા છે. મળેલી માહિતી મુજબ કેટલાક જટિલ મુદ્દાઓ પર કેન્દ્ર અને રાજ્યો મતભેદોને દૂર કરવા માની ગયા છે.

આ અંગેની વિધિવત જાહેરાત હવે ૮મી નવેમ્બરના દિવસે કરવામાં આવે તેવી શક્યતા છે. ૮મી નવેમ્બરના દિવસે નાણાંમંત્રી પી ચિદમ્બરમ્ રાજ્યના નાણાંમંત્રીઓના એમ પાવર ગ્રૂપ સાથે મહત્વપૂર્ણ બેઠક કરનાર છે. બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદી રાજ્યોના નાણાંમંત્રીઓના એમ પાવર ગ્રૂપના ચેરમેન છે. તેઓએ ચિદમ્બરમ્ સાથે બેઠક કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે મોટાભાગના જટિલ મુદ્દાઓ પર સર્વ સંમતિ સધાઈ ચૂકી છે. વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યું છે કે જીએસટીના અમલીકરણથી આર્થિક સુધારાઓ અંગે એક મજબૂત સંકેત જશે.

સીએસટીના અમલી કરણને લઈને હાલમાં ભારે દુવિધાભરી સ્થિતિ હતી. પરંતુ હવે ઘણી તકલીફ દૂર થઈ રહી છે. ચીજવસ્તુઓની હેરાફેરી વધુ ઝડપી બનશે. મોટાભાગના પરોક્ષ કરવેરાની જગ્યાએ માત્ર એક જ ટેક્સ માળખું આવી જશે. સેન્ટ્રલ એક્સાઇઝ, સર્વિસ ટેક્સ, વેટ, પરચેઝ ટેક્સ અને સરચાર્જ જેવા પરોક્ષ કરવેરાની જગ્યાએ માત્ર એક જ માળખું અમલી બની જશે. તેના અમલીકરણથી ગ્રાહકો ઉપર એકંદરે બોજ ઘટી જશે. કારણ કે રાજ્યના સ્તરે અને કેન્દ્રના સ્તરે કુલ ટેક્સ સંયુક્ત થઈ જશે અને આ ટેક્સ ૧૮ ટકાથી ઓછો રહી શકે છે.